| PUBLICATION NAME : | Nirmal Metro |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 16/04/24 |
| PAGE : | 3 |


# નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) દ્વારા ઈન્ડિયા રેન્કિંગ્સ ૨૦૨૩માં ૧૧-૫૦ના બેન્ડમાં સંસ્થાને સ્થાન આપવામાં આવ્યું

એજન્સી દ્વારા

૪૦ વર્ષથી વધુની વિરાસતવાળી આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (EDII) એ પોતાના ૨ વર્ષના પીજીડીએમ પ્રોગ્રામ માટે અરજીઓની સ્વિકારવાની જાહેરાત કરી છે. જેમાં PGDM- આંત્રપ્રિન્યોરશિપ (PGDM-E), PGDM-ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ અને વેન્ચર ડેવલપમેન્ટ (PGDM-IEV) અને PGDM-ઓનલાઈન પ્રોગ્રામનો સમાવેશ થાય છે.

આ પ્રોગ્રામ મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો અને સમાજમાં નોંધપાત્ર અસર ઊભી કરવાના લક્ષ્યાંક ધરાવતા વ્યક્તિઓને તૈયાર કરવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખ એપ્રિલ ૨૭, ૨૦૨૪ છે, જેમાં ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ સુનિશ્ચિત થયેલ આંત્રપ્રિન્યોરિયલ એપ્ટિટ્યુડ ટેસ્ટ (EAT) અને પર્સનલ ઈન્ટરવ્યુ (PI)નો સમાવેશ થાય છે. આ સાથે ઉમેદવારો સીધી વેબસાઈટ પર અરજી કરી શકે છે.

PGDM-આંત્રપ્રિન્યોરશિપ (PGDM-E): (AICTE મંજૂર; NBA માન્યતા પ્રાપ્ત ; USASBE પુરસ્કાર વિજેતા) PGDM-E ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા મંજૂર કરાયેલ અને નેશનલ બોર્ડ ઑફ એક્રેડિટેશન (NBA) દ્વારા માન્યતા પ્રાપ્ત હવે તેની ૨૭મી બેચની ઑફર્સમાં છે. ઉભરતા સાહસિકો, કૌટુંબિક વ્યવસાયના અનુગામીઓ અને સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ માટે બે વર્ષનો પૂર્ણ-સમયનો વ્યાપક અભ્યાસક્રમ છે.

છ ત્રિમાસિક ગાળામાં વિદ્યાર્થીઓ આંત્રપ્રિન્યોરશિપના વિવિધ પાસાઓમાં તેમની કૌશલ્યોને નિખારવા અને નિર્ણાયક વિચારસરણી શિખવામાં આવશે. આ ઉપરાંત વિશેષતાઓમાં ન્યૂ એન્ટરપ્રાઈઝ ક્રિએશન (NEC), ફેમિલી બિઝનેસ મેનેજમેન્ટ (FBM) અને સોશિયલ આંત્રપ્રિન્યોરશિપ (SE)નો સમાવેશ થાય છે. આ સાથે વિદ્યાર્થીઓ સઘન તાલીમ, માર્ગદર્શન તેમજ તેમના પસંદ કરેલા માર્ગોને અનુરૂપ વિગતવાર પરિયોજના રિપોર્ટમાં હોય છે. PGDM-E ને USASBE આઉટસ્ટેન્ડિંગ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ એબ્રોડ એવોર્ડ ૨૦૧૪ પ્રાપ્ત થયો છે.